પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ    વર્ષ : ૨૮   અંક : ૧૫૨   કુલ પાના : ૪   તારીખ : ૧૯-૦૨-૨૦૨૫   બુધવાર   કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97  9712880678  panchmahalsamachar@gmail.com  panchmahalsamachar  panchmahalsamachar  www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૭૦૫૪૪ ૨૫૧૦૦


# ૯૦ નગરપાલિકાઓમાં ભાજપનો વિજય થયો. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સૂપડા સાફ થઇ ગયાં

## સમાજવાદી પાર્ટીની ગુજરાતમાં ધમાકેદાર એન્ટ્રી, પહેલીવાર ૨ નગરપાલિકા પર રાજ કરશે

અમદાવાદ

૧ મનપા અને ૬૬ નગરપાલિકામાંથી ૩૪ નગરપાલિકામાં ભાજપની ભવ્ય જીત થઈ છે. કુલ ૧૬૭૭ બેઠકોમાંથી ૧૦૦૧ બેઠકો પર ભગવો લહેરાયો છે. તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સૂપડા સાફ થયા છે. ૯૮માંથી ૯૭ નગરપાલિકાના પરિણામ જાહેર થયાં ૯૦ નગરપાલિકાઓમાં ભાજપનો વિજય થયો આ વચ્ચે કેટલીક બેઠકોના પરિણામોએ ગુજરાતને ચોંકાવ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોઈ વિચારી ન શકે તેવા પરિણામોમાં ઉલટફેર જોવા મળ્યો છે. સત્તા ભલે ભાજપ પાસે ગઈ છે, પરંતુ કેટલાક પરિણામોએ તો ભાજપને પણ ચોંકાવી દીધા છે. આ ચૂંટણીથી ગુજરાતમાં સમાજવાદી પાર્ટીનો ઉદય થયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પહેલીવાર સમાજવાદી પાર્ટી પાસે સત્તા ગઈ છે.ગુજરાતની બે નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીની



ધમાકેદાર એન્ટ્રી થઈ છે. તો બીજી તરફ, છોટાઉદેપુરમાં સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવાર વિજેતા બન્યા છે. પોરબંદર જિલ્લાની રાણાવાવ અને કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીનો વિજય થયો છે. રાણાવાવ નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીએ ૨૦ અને ભાજપે ૮ સીટ પર વિજય મેળવ્યો છે. જ્યારે કુતિયાણા નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીએ ૧૪ અને ભાજપે ૧૦ સીટ પર વિજય મેળવ્યો છે.રાણાવાવ નગરપાલિકા કુલ બેઠક : ૨૮ ૦૮ બેઠક - ભાજપ ,૨૦ બેઠક - સમાજવાદી પાર્ટી છોટાઉદેપુર નગરપાલિકામાં સમાજવાદી પાર્ટીના ઉમેદવાર મૂફીર શેખની ૧ વોટથી જીત થઈ છે. ઉમેદવાર મૂફીર શેખની એક વોટથી જીત થતા તેમના સમર્થકો ભાવુક બન્યા હતા. આ ચૂંટણીમાં ૧ વોટનું પણ મહત્વ સમજાયું છે. છોટાઉદેપુર નગરપાલિકાની ચૂંટણી માટે પહેલીવાર સમાજવાદી પાર્ટીના ૬ ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતા. જોકે, તમામ ૬ ઉમેદવારોની જીત થતા ઉમેદવારોમાં ખુશી છવાઈ છે. સમાજવાદી પાર્ટીની જીત થતા ઉમેદવારોએ લોકોનો આભાર માન્યો.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૩૫ થી વધુ નગરપાલિકામાં કમળ ખીલ્યું છે. પરંતુ જ્યાં ભાજપ હાર્યું છે ત્યાં ભૂંડે હાલ હાર્યું છે. અનેક નગરપાલિકાઓમાં ભાજપની શરમજનક હાર કહી શકાય. ભાજપની સૌથી મોટી હાર સલાયા નગરપાલિકામાં થઈ છે. ભાજપે સલાયામાં ફેરવેલું બુલડોઝર ભારે પડ્યું છે. સલાયાની જનતાએ ભાજપને સમ ખાવા પૂરતી પણ બેઠક ન આપી. સલાયામાં ભાજપ હાર્યું છે. તો અહીં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ફાવી ગઈ છે. સલાયા નગરપાલિકામાં કુલ ૨૮ બેઠકમાંથી આમ આદમી પાર્ટીને ૧૩ બેઠક મળી છે, જ્યારે ૧૫ બેઠક કોંગ્રેસને મળી છે. જે બતાવે છે કે, અહીં ભાજપે ચલાવેલું બુલ્ડોઝર ભારે પડ્યું છે. એક તરફ દિલ્હીમાં આમ આદમી પાર્ટીનો સફાયો થયો છે, પરંતુ આશ્ચર્ય વચ્ચે સલાયામાં આમ આદમી પાર્ટી ફાવી ગઈ છે. જોકે, અહીં છેલ્લી સુધી રસાકસીભર્યો માહોલ રહ્યો હતો. આપ જીતતા જીતતા રહી ગયું, અને કોંગ્રેસ ફાવી ગયું. અંતે સલાયા નગરપાલિકામાં કોંગ્રેસની જીત થઈ છે.

સલાયા નગર પાલિકામાં કોંગ્રેસ સત્તા પર આવશે. સલાયા નગર પાલિકામાં ૭ વોર્ડની ૨૮ બેઠકોમાંથી ૧૫ બેઠકો કોંગ્રેસના ફાળે ગઈ, જ્યારે ૧૩ બેઠકો આપ પાર્ટીના ફાળે ગઈ છે. સલાયા નગર પાલિકામાં ભાજપનું ખાતું ખૂલ્યું નહીં. આમ, ભાજપની સલાયા નગર પાલિકામાં કારમી હાર થઈ છે. અંબાણીના ગામના ધારાસભ્ય વિમલ ચુડાસમાની હાર થઈ છે. ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નં-૩માં ધારાસભ્ય વિમલ ચુડાસમાનીએ હારનો સામનો કરવો પડ્યો છે. અહીં, કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા અને ભાજપના સાંસદ રાજેશ ચુડાસમા વચ્ચે સીધો જંગ હતો. ચોરવાડના વોર્ડ નંબર-૩માં વિમલ ચુડાસમાનો પરાજય થયો છે. ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાના પત્નીની જીત થઈ છે. જુનાગઢના પ્રખ્યાત કોટેચા પરિવારને મોટો ઝટકો લાગ્યો છે. વોર્ડ નંબર ૯ ના ભાજપના ઉમેદવાર અને ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ છે. ખેડા જિલ્લાની મહુધા નગરપાલિકામાં વર્ષો બાદ ભાજપને પૂર્ણ બહુમતી તરફ. ૨૪ સીટમાંથી ૧૪ સીટો પર ભાજપનો ભવ્ય વિજય તરફ. ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપ મહુધા નગરપાલિકામાં શાસન કરશે

પાટણ રાધનપુર નગરપાલિકા ભાજપે છીનવી લીધી. રાધનપુર નગરપાલિકામા કોંગ્રેસના ગઢમાં ભાજપે મોટું ગાબડું પાડ્યું છે. અહીં છેલ્લા ૧૦ વર્ષથી રાધનપુર નગરપાલિકામા કોંગ્રેસનું શાસન હતું. રાધનપુર નગરપાલિકાની કુલ ૨૮ બેઠક હતી. જેમાં ભાજપને ૧૭ બેઠક મળી છે. કોંગ્રેસ ૩ બેઠકમાં સમેટાયું છે. આંકલાવનું પરિણામ તમામ રાજકીય પક્ષોને ચોંકાવી દે તેવું છે. અહીં જનતાએ કોઈ પક્ષને બહુમતી આપી નથી. આંકલાવમાં ૧૩ બેઠકો પર અપક્ષનો વિજય થયો છે. આંકલાવ નગરપાલિકાની કુલ બેઠક ૨૪ માંથી ભાજપ ૦૩ બેઠક મળી છે. જ્યારે કે કોંગ્રેસનું તો ખાતુ પણ નથી ખૂલ્યું. પરંતુ અપક્ષ ૧૩ બેઠકો પર વિજયી બન્યા છે.

ડાકોર નગરપાલિકાની મતગણતરીની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. પરંતુ અહીં ચોંકાવનારુ પરિણામ આવ્યું છે. યાત્રાધામ ડાકોર નગરપાલિકામાં ભાજપ અને અપક્ષને સરખે સરખી બેઠકો મળી છે. ડાકોર નગરપાલિકાની ભાજપે પાંચ સીટ બિનહરીફ મેળવી હતી. ૨૮ સીટમાંથી બિનહરીફ સહિત ૧૪ સીટ મળી ભાજપને તો ૧૪ સીટ ઉપર અપક્ષનો વિજય થયો છે.

ખેડા જિલ્લાની મહુધા નગરપાલિકામાં વર્ષો બાદ ભાજપને પૂર્ણ બહુમતી ખેડા જિલ્લાની મહુધા નગરપાલિકામાં વર્ષો બાદ ભાજપને પૂર્ણ બહુમતી મળી છે. ૨૪ સીટમાંથી ૧૪ સીટો પર ભાજપનો ભવ્ય વિજય થયો છે. ઈતિહાસમાં પ્રથમ વખત ભાજપ મહુધા નગરપાલિકામાં શાસન કરશે.

મહુધા પહેલેથી જ કોંગ્રેસનો ગઢ ગણાય છે. આ બેઠક પર ભાજપ એક પણ વખત જીતી શક્યું ન હતું. મહુધામાં ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થાય છે. પરંતુ અંતે ભાજપે મહુધામાં જીત હાંસિલ કરી લીધી છે. કોઈ માની ન શકે કે મહુધાના ઈતિહાસમાં ભાજપની આ પહેલી જીત છે. આ જીત બાદ ભાજપ પહેલીવાર મહુધા નગરપાલિકા પર શાસન કરશે. મહુધા પાલિકામાં ભાજપે ઈતિહાસ રચ્યો છે. કોંગ્રેસનો ગઢ ગણાતી મહુધા પાલિકામાં ભગવો લહેરાયો છે. કુલ ૦૬ વોર્ડની ૨૪ બેઠકમાંથી ૧૪ બેઠક ગઈ છે જ્યારે અન્યના ખાતામાં ૧૦ બેઠક ગઈ છે.

# નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગીનો નિર્ણય લેવો એ અપમાનજનક અને અસભ્ય છે,રાહુલ

નવીદિલ્હી

દેશના નવા મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂકને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે જ્યારે મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂકની પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી રહી છે, ત્યારે વડા પ્રધાન અને ગૃહમંત્રી દ્વારા મધ્યરાત્રિએ નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગીનો નિર્ણય લેવો એ અપમાનજનક અને અસંસ્કારી છે.

ટ્વિટર પર એક પત્ર શેર કરતા રાહુલ ગાંધીએ પોસ્ટમાં લખ્યું કે આગામી મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી માટે સમિતિની બેઠક દરમિયાન, મેં વડા પ્રધાન અને ગૃહમંત્રીને અસંમતિ નોંધ સુપરત કરી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે કારોબારી હસ્તક્ષેપથી મુક્ત સ્વતંત્ર ચૂંટણી પંચનું સૌથી મૂળભૂત પાસું ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગીની પ્રક્રિયા છે.

તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને અને ભારતના મુખ્ય ન્યાયાધીશને સમિતિમાંથી દૂર કરીને, મોદી સરકારે ચૂંટણી પ્રક્રિયાની પ્રામાણિકતા અંગે કરોડો મતદારોની ચિંતા વધારી છે. વિરોધ પક્ષના નેતા તરીકે, બાબાસાહેબ આંબેડકર અને આપણા રાષ્ટ્રનિર્માતાઓના આદર્શોને જાળવી રાખવાની અને સરકારને જવાબદાર ઠેરવવાની મારી ફરજ છે.

તેમણે કહ્યું કે વડા પ્રધાન અને ગૃહમંત્રી દ્વારા મધ્યરાત્રિએ નવા મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી કરવાનો નિર્ણય અપમાનજનક અને અસભ્ય છે. જ્યારે સમિતિની રચના અને પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી રહી છે. આ મામલે ૪૮ કલાકથી ઓછા સમયમાં સુનાવણી થવાની છે.

રાહુલ ગાંધીએ પોતાની અસંમતિ નોંધમાં લખ્યું છે કે જૂન ૧૯૪૯માં બંધારણ સભામાં સ્વતંત્ર ચૂંટણી પંચની સ્થાપના અંગે ચર્ચા કરતી વખતે, ડૉ. બાબા સાહેબ આંબેડકરે ભારતીય લોકશાહી અને ચૂંટણી પંચના મામલામાં કારોબારી તંત્રના હસ્તક્ષેપ વિશે ચેતવણી આપી હતી. કારોબારી હસ્તક્ષેપથી મુક્ત સ્વતંત્ર ચૂંટણી પંચનું સૌથી મૂળભૂત પાસું ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગીની પ્રક્રિયા છે.

૨ માર્ચ ૨૦૨૩ ના રોજ એક ચુકાદામાં, સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે આદેશ આપ્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક વડા પ્રધાન, વિરોધ પક્ષના નેતા અને મુખ્ય ન્યાયાધીશની બનેલી સમિતિ દ્વારા કરવામાં આવે. સુપ્રીમ કોર્ટના નિર્ણયથી લાખો મતદારોમાં આપણી ચૂંટણી પ્રક્રિયાની પ્રામાણિકતા અંગે વ્યાપક ચિંતાઓ ઉભી થઈ. આ વાત જાહેર સર્વેક્ષણોમાં પણ પ્રતિબિંબિત થાય છે. આ ભારતની ચૂંટણી પ્રક્રિયા અને સંસ્થાઓમાં મતદારોના વિશ્વાસમાં સતત ઘટાડો દર્શાવે છે.

કમનસીબે, સુપ્રીમ કોર્ટના આદેશ પછી તરત જ, ભારત સરકારે ઓગસ્ટ ૨૦૨૩ માં એક કાયદો ઘડ્યો. આનાથી સુપ્રીમ કોર્ટના આદેશની ભાવનાનો ભંગ થયો. કાયદામાં વડા પ્રધાન, વિરોધ પક્ષના નેતા અને વડા પ્રધાન દ્વારા નિયુક્ત કેન્દ્રીય કેબિનેટ મંત્રીનો સમાવેશ કરવા માટે મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક માટેની સમિતિની પુનર્ગઠન કરવામાં આવી અને મુખ્ય ન્યાયાધીશને સમિતિમાંથી દૂર કરવામાં આવ્યા. આ સુપ્રીમ કોર્ટના આદેશની મૂળ ભાવનાનું ઘોર ઉલ્લંઘન છે. આ આદેશને બાદમાં જાહેર હિતના અરજદાર દ્વારા પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ૪૮ કલાકથી ઓછા સમય પછી કેસની સુનાવણી કરવાનો પોતાનો ઈરાદો દર્શાવ્યો છે.કોંગ્રેસ પાર્ટીનું માનવું છે કે આગામી સીઈસીની પસંદગીની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટની સુનાવણી સુધી મુલતવી રાખવી જોઈએ અને આ બેઠક મુલતવી રાખવી જોઈએ. જ્યારે આ સમિતિની રચના અને પ્રક્રિયાને પડકારવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં સુપ્રીમ કોર્ટ દ્વારા તેની સુનાવણી કરવામાં આવશે, ત્યારે આ સમિતિ આગામી ઝઈઝ ની પસંદગીની પ્રક્રિયા ચાલુ રાખે તે સંસ્થાઓ તેમજ આપણા દેશની સ્થાપક નેતાઓનો અનાદર અને અનાદર હશે.

દેશના નવા મુખ્ય ચૂંટણી કમિશનરના નામની જાહેરાત કરવામાં આવી છે. ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને નવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે બઢતી આપવામાં આવી છે. જ્ઞાનેશ કુમાર ઉપરાંત, એક ચૂંટણી કમિશનરની પણ નિમણૂક કરવામાં આવી છે. આ માટે પીએમ મોદીની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાગ લીધો હતો.

# લોકશાહીમાં જે માન્ય નથી એવા અનેક પ્રકારના કાવતરા છતાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો વેચાયા નહીં કે ડર્યા નહીં ,શક્તિસિંહ

## જનતાનો જે પણ જનાદેશ છે, તે અમે સ્વીકારીએ છીએ. અમારી ભૂલોનો સુધારો કરવાનો છે, તે અમે સુધારીને આગળ વધીશું.,અમિત ચાવડા

અમદાવાદ

નગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો આવ્યા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમે સ્વીકાર કરીએ છીએ કે, ગુજરાતમાં શહેરી વિસ્તારોમાં અમારું સંગઠન નબળું હતું. આજે જે યોજાઈ તે નગરપાલિકાઓની ચૂંટણીઓ ૨૦૧૮માં યોજાઈ હતી ત્યારે કોંગ્રેસ પક્ષના ૭૮ ધારાસભ્યો અને સાથી પક્ષના ૩ એમ મળીને ૮૧ ધારાસભ્યો હોવા છતાં જેના આજે પરિણામ જોઈ રહ્યા છીએ એ જ નગરપાલિકાઓમાં ૨૦૧૮માં કોંગ્રેસ પક્ષની સ્થિતિ ખૂબ ખરાબ હતી. શહેરી વિસ્તારોમાં સંગઠનને મજબુત બનાવવા માટે છેલ્લા કેટલાક મહિનાઓ પહેલાં જ પક્ષના સિનિયર આગેવાનોને પ્રભારી તરીકેની જવાબદારી સોંપીને નગરોમાં અમે સંગઠન ઊભું કર્યું હતું અને પરિણામે ખૂબ મોટાપાયા પર કોંગ્રેસ પક્ષ દ્વારા આ ચૂંટણીઓ પંજાના નિશાન પર લડવામાં આવી. જૂનાગઢ મનપામાં છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસના માત્ર એક કોર્પોરેટર ચૂંટાયા હતા, આ વખતે જૂનાગઢમાં ૧૧ કોર્પોરેટર ચૂંટાયા છે. એ પરિપ્રેક્ષ્ય માં કોંગ્રેસ માટે નિરાશાજનક પરિણામો નથી. જાફરાબાદ, લાઠી, રાજુલા સહિતની અનેક જગ્યાઓ પર કોંગ્રેસ માટે નિરાશાજનક છે, નગરપાલિકાઓ સ્થાનીક નેતાઓના આધારે લડવામાં આવતી હોય છે, અંબરીશ ડેર, જવાહર ચાવડા, હર્ષદ રીબડીયા સહિતના નેતાઓ જવાના કારણે જે તે નગરપાલિકાઓમાં નુકસાન થયું. કેટલીક જગ્યાઓ પર કોંગ્રેસે નહીં લડી અપક્ષ સાથે ગયા હતા. આંકલાવમાં કોંગ્રેસ સમર્થિત પેનલનો વિજય થયો છે, કોંગ્રેસ માટે પરિણામો નિરાશાજનક નથી, પરંતુ ચિંતાજનક જરૂર છે, નગરપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ વધુ મહેનત કરવાની જરૂર છે.લોકશાહીમાં જે માન્ય નથી એવા અનેક પ્રકારના કાવતરા છતાં કોંગ્રેસ પક્ષના ઉમેદવારો વેચાયા નહીં કે ડર્યા નહીં અને મક્કમતાથી લડ્યા એ અભિનંદનને પાત્ર છે. કેટલીક જૂજ જગ્યાઓ પર ભાજપના દબાણો, ગુંડાગર્દી, તંત્રનો દુરુઉપયોગ અને મોટી લાલચોના કારણે ફોર્મ પાછા ખેંચાયા હતા. અનેક જગ્યાઓ પર ભાજપ દ્વારા કોંગ્રેસના ઉમેદવારોને ખરીદવાના, ડરાવવાના વિડીયો સામે આવ્યા હતા, જે આપણે સહુએ જોયા છે.એઆઈએમઆઈએમ પાર્ટીના ઉમેદવારોના ફોર્મ ભાજપે આપ્યા હતા, સમાન્ય સંજોગોમાં આમને સામને જોવા મળતા આપ-ભાજપ સાથે હતા, એઆઈએમઆઈએમ ઉમેદવારોના ક ફોર્મ રજૂ થયા ના હતા, પણ ભાજપે માન્ય રખાવ્યા, કોંગ્રેસની રહી ગયેલી ખામીઓ માટે પ્રદેશ પ્રમુખ તરીકે મારી જવાબદારી સ્વીકારું છું, કોગ્રેસ કાર્યકરોએ બુથ પેજ સુધી જવાની મહેનત કરવાની છે, કોગ્રેસના કાર્યકર્તા અનેક મોરચે લડ્યા છે, ૨૦૨૭ માટેની તૈયારીઓ સાથે આગામી વર્ષે અને સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે અત્યારથી તૈયારી કરીશુંદરમિયાન કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ પ્રતિક્રિયા આપી છે. એમણે જણાવ્યું કે, ‘‘પ્રતિસાદ સ્વીકાર્ય છે અને અમે પરિણામોની સમીક્ષા કરીશું. જનતાનો જે પણ જનાદેશ છે, તે અમે સ્વીકારીએ છીએ. અમારી ભૂલોનો સુધારો કરવાનો છે, તે અમે સુધારીને આગળ વધીશું.’’અમિત ચાવડાએ આ અવસર પર એવી વાતો પણ કરી હતી કે, ‘‘આગામી દિવસોમાં બજેટ સત્ર ચાલી રહ્યું છે, ત્યારે વિપક્ષને બોલવાનો પૂરતો સમય મળી રહે તે માટે અમે માંગણી કરી છે.’’ તેમણે સરકારને અનુકૂળ સુઝાવ આપ્યા અને ગુજરાતના વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવાની જરૂરિયાત જણાવી.આ ઉપરાંત, તેમણે રાજ્યના જનજીવનની સમસ્યાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. મોંઘવારી, ખેડૂતોની આર્થિક તંગી, અને ભરતી પ્રક્રિયામાં ખોટા ફૂટ વગેરે મુદ્દાઓનું ઉલ્લેખ કર્યા છે. અમિત ચાવડાએ કહ્યું કે, ‘‘અમે આ સમસ્યાઓ પર ગંભીરતાપૂર્વક ચર્ચા કરીશું અને યોગ્ય કાર્યવાહી કરીશું.’’ ઉપરાંત, તેમણે કહ્યું કે, ‘‘આ પરિણામો અમારા માટે પ્રેરણા બની રહેશે અને અમે તેમનો સકારાત્મક ઉપયોગ કરી, ફરીથી ભવિષ્યમાં વધુ મજબૂતી સાથે સમક્ષ આવશે.’’

# અમિત શાહના વતન માણસામાં ભાજપનો દબદબો, નપાની ચૂંટણીમાં કબજે કરી ૨૭ બેઠક

ગાંધીનગર

ગુજરાતમાં યોજાયેલી ૬૮ નગરપાલિકા, જૂનાગઢ મહાનગર પાલિકા અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામ આવી ગયા છે. ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મનપા સાથે ૬૨ નગરપાલિકા કબજે કરી છે. જેમાં માણસા નગરપાલિકા પણ સામેલ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મતવિસ્તાર અને વતન માણસામાં ભાજપે કોંગ્રેસનો સફાયો કર્યો છે. અમિત શાહનું વતન માણસા છે, જ્યાં ભાજપે શાનદાર પ્રદર્શન કર્યુંછે. માણસા નગરપાલિકાના ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકોમાંથી ભાજપે ૨૭ બેઠકો પર જીત મેળવી છે, જ્યારે માત્ર એક બેઠક કોંગ્રેસને મળી છે. માણસામાં વોર્ડ નંબર ૧,૨,૩,૪,૫,૬ અને સાતમાં ભાજપના તમામ સભ્યો જીત્યા છે. જ્યારે વોર્ડ નંબર ૩માં કોંગ્રેસના એક સભ્યની જીત થઈ છે. નોંધનીય છે કે ૧૯૯૫થી માણસા નગરપાલિકા પર ભાજપનું શાસન છે.માણસામાં ભારતીય જનતા પાર્ટીની શાનદાર જીત બાદ પાર્ટીના કાર્યકરોએ ઉજવણી કરી હતી. અમિત શાહના વતનમાં શાનદાર જીત બાદ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. માણસા નગરપાલિકાની ચૂંટણીમાં ૧૬ ફેબ્રુઆરીએ ૬૪ ટકા જેટલું મતદાન થયું હતું. ભારતીય જનતા પાર્ટીએ જૂનાગઢ મહાનગર પાલિકા સાથે કુલ ૬૨ નગરપાલિકા પર જીત મેળવી છે. ત્રણેય તાલુકા પંચાયતમાં પણ ભાજપની જીત થઈ છે. ભાજપ માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો ઉત્સાહજનક છે. જ્યારે કોંગ્રેસના ખાતામાં માત્ર એક નગરપાલિકા આવી છે. જ્યારે પાંચ નગરપાલિકામાં અન્યની જીત થઈ છે.

# ઝારખંડ સરકાર આજીવન કેદની સજા ભોગવી રહેલા ૩૭ દોષિતોને મુક્ત કરશે

રાંચી

ઝારખંડ સરકારે ૧૦૩ કેસોની સમીક્ષા કર્યા પછી રાજ્યભરની વિવિધ જેલોમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૩૭ દોષિતોને મુક્ત કરવાનો નિર્ણય લીધો. આ પહેલા મુખ્યમંત્રી હેમંત સોરેનની અધ્યક્ષતામાં તેમના રહેણાંક કાર્યાલયમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. ઝારખંડ રાજ્ય સજા સમીક્ષા બોર્ડની બેઠકમાં આ કરવામાં આવ્યું હતું."ઝારખંડ રાજ્ય સજા સમીક્ષા બોર્ડની એક બેઠક અહીં યોજાઈ હતી," એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. મુખ્યમંત્રી હેમંત સોરેનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં રાજ્યની વિવિધ જેલોમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૧૦૩ કેદીઓને મુક્ત કરવા અંગે સમીક્ષા કરવામાં આવી હતી. સઘન વિચાર-વિમર્શ પછી, ૩૭ રિલીઝ કરવા પર સંમતિ સધાઈ.સીએમ સોરેને અધિકારીઓને મુક્ત કરાયેલા કેદીઓની કૌટુંબિક પૃષ્ઠભૂમિ, સામાજિક અને આર્થિક સ્થિતિ તપાસવાનો નિર્દેશ આપ્યો. તેમણે આ લોકોની મુક્તિ પછી તેમની પ્રવૃત્તિઓ પર નજર રાખવા અને સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં તેમનો સમાવેશ થાય તેની ખાતરી કરવા પર પણ ભાર મૂક્યો. મુખ્યમંત્રીએ તેમના માટે આજીવિકાના સ્રોત સુનિશ્ચિત કરવા પણ કહ્યું.

**મે. ઘોઘંબાના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

**જન્મ મરણ અરજી નં.૫૭૨/૨૦૨૪    તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃબારીઆ રેવાબેન રંગીતભાઈ વિરસીંગભાઈ,રહે. (દેવલીકુવા)સીમલીયા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, સીમલીયા સીમલીયા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્રી નામે બારીઆ ભૂમિકાબેન રંગીતભાઈનો જન્મ તાઃ૦૭/૦૨/૨૦૧૮ ના રોજ રહે. સીમલીયા,તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પુત્રી ના જન્મ ની નોંધ સામાવાળાના જન્મ / મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ઘોઘંબા

**મે. ઘોઘંબાના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

**જન્મ મરણ અરજી નં.૫૫૮/૨૦૨૪    તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-બારીઆ અમરસીંગભાઈ દલાભાઈ,રહે.વાસકોટ, ના.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, વાસકોટવાસકોટ, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પિતા નામે બારીઆ દલાભાઈ મનજીભાઈ નુ મરણ તાઃ૧૨/૦૪/૨૦૧૫ ના રોજ રહે. વાસકોટ, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પિતા ના મરણ ની નોંધ સામાવાળાના જન્મ/ મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તા ૧૮મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ઘોઘંબા

**મે. ઘોઘંબાના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

**જન્મ મરણ અરજી નં.૫૫૯/૨૦૨૪    તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-બારીઆ અમરસીંગભાઈ દલાભાઈ, રહે.વાસકોટ, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, વાસકોટવાસકોટ, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના માતા નામે બારીઆ કકુડીબેન દલાભાઈ નુ મરણ તાઃ૦૯/૦૮/૧૯૯૬ ના રોજ રહે. વાસકોટ,તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના માતા ના મરણ ની નોંધ સામાવાળાના જન્મ/ મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ઘોઘંબા

**મે. ઘોઘંબાના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

**જન્મ મરણ અરજી નં.૫૫૩/૨૦૨૪    તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-બારીઆ અર્જુનભાઈ રૂપાભાઈરહે. નુરાપુરા, તા. ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, નુરાપુરાનુરાપુરા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્ર નામે બારીઆ અક્ષયકુમાર અર્જુનભાઈ નો જન્મ તાઃ૦૩/૦૫/૨૦૧૪ ના રોજ રહે. નુરાપુરા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્ર ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તા.૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ઘોઘંબા

# દાહોદ જીલ્લામાં ઝાલોદ અને દે.બારીયા પાલિકામાં ભાજપાએ વર્ચસ્વ યથાવત રાખ્યું





### દેવગઢ બારીઆમાં જીતેલા ઉમેદવારોની યાદી

વોર્ડ નંબર ૦૧ ગોપાલસિંહ મનહરસિંહ ઝાલા (ભાજપ), ધર્મેશભાઈ ભરતભાઈ કલાલ (ભાજપ), મીનાબેન મહેન્દ્રસિંહ બારીયા (ભાજપ), રંજનબેન શિરીષભાઈ રાણા (ભાજપ),
વોર્ડ નંબર ૦૨માં હલીમા ચાંદા (કોંગ્રેસ), મુમતાઝ શુકલ (અપક્ષ), ઐયુબ શુક્લા (અપક્ષ), મદીના ચાંદા (અપક્ષ),
વોર્ડ નંબર ૦૩માં મુમતાઝ ભીખાવાલા (અપક્ષ), મદીના પટેલ (અપક્ષ), ઐયુબ પટેલ (અપક્ષ), મોહંમદ પટેલ (અપક્ષ),
વોર્ડ નંબર ૦૪માં શરલાબેન મેડા (ભાજપ), નિધીબેન જૈન (ભાજપ), સમીર શેખ (ભાજપ), વિશાલ બાલવાણી (ભાજપ),
વોર્ડ નંબર ૦૫માં, અરૂણાબેન પરમાર (ભાજપ), તારાબેન બાલવાણી (ભાજપ), પ્રજ્ઞેશ મોહનીયા, (ભાજપ), નીલ સોની (ભાજપ),
વોર્ડ નંબર ૦૬માં અમરીન મિરઝા (કોંગ્રેસ), પદમીનીબેન સોની (ભાજપ), ગૌરાંગ પંડ્યા (અપક્ષ), સનોફરબાનુ મકરાણી વિજેતા જાહેર થયાં છે.

### ઝાલોદમાં જીતેલા ઉમેદવારોની યાદી

વોર્ડ નંબર ૦૧માં જાકીરમીયા કનુગા (ભાજપ),રાજેશભાઈ ભાભોર (ભાજપ),રેહાનાબીબી શેખ (અપક્ષ),મનીષાબેન માલીવાડ (અપક્ષ),
વોર્ડ નંબર ૦૨માં સુબહાના ટીમીવાલા (અપક્ષ),હનિફા ગુડાલા (અપક્ષ),મજુલાબેન ડામોર (અપક્ષ), રજાકભાઈ પટેલ (અપક્ષ),
**વોર્ડ નંબર ૦૩** માં ભાવનાબેન મુકેશભાઈ ડામોર (ભાજપ), રેખાબેન ટપુભાઈ વસૈયા (ભાજપ),અનિલભાઈ ગવજીભાઈ ભાભોર (ભાજપ),રામચંદ્રભાઈ શાંતીલાલ ડબગર (ભાજપ), વોર્ડ નંબર ૦૪માં દિનેશભાઈ પંચાલ (ભાજપ),પારૂલબેન હાડા (ભાજપ),ખુશબુબેન વસૈયા (ભાજપ),નિકીતાબેન શાહ (અપક્ષ),
વોર્ડ નંબર ૦૫માં માર્થાબેન ગલાભાઈ વસૈયા(અપક્ષ), તમન્નાબેન ઉમેશભાઈ પટેલ (અપક્ષ),અલ્કેશભાઈ વિજુભાઈ વસૈયા (ભાજપ), કેતનકુમાર મગનભાઈ પટેલ (ભાજપ),
વોર્ડ નંબર ૦૬માં અમીનાબેન માલીવાડ(ભાજપ),રાધાબેન ભાભોર (અપક્ષ), ભાવેશભાઈ કચારા (ભાજપ), ધનાભાઈ લુવારા (અપક્ષ)
વોર્ડ નંબર ૦૭માં નિલેશકુમાર દલાભાઈ વસૈયા (ભાજપ), વિનોદભાઈ બકાભાઈ (ભાજપ),શર્મિલાબેન પારસીંગભાઈ ડામોર (ભાજપ) અને સોનલબેન હરેશભાઈ ડીંડોર (ભાજપ) વિજેતા થયાં હતાં.

દાહોદ જીલ્લાની પેટા ચુંટણીમાં જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પરિણામની વાત કરીએ તો, જીલ્લા અને તાલુકા પંચાયત મળી કુલ ૦૭ બેઠકો પર ભાજપે ભગવો લહેરાવ્યો છે. અપક્ષ અને કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયાં છે. જેમાં જીલ્લા પંચાયતની ધાનપુર તાલુકાના પિપેરો બેઠક પર ભાજપ ઉમેદવાર વિજયી બન્યાં છે. તાલુકા પંચાયત બેઠકની વાત કરીએ તો ઝાલોદની કારઠ-૧, ઝાલોદની ધાવડીયા, લીમખેડાની મોટીબાંડીબાર, ગરબાડાની ઝરીબુઝર્ગ-૨, ધાનપુરની નાકટી અને દાહોદની નગરાળા બેઠક પણ પણ ભાજપે ભગવો લહેરાવ્યો છે.

દાહોદ,

દાહોદ જીલ્લાની પેટા ચુંટણીનું પરિણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો. ઝાલોદ અને દેવગઢ બારીઆ નગરપાલિકામાં ભાજપાએ પોતાનું વર્ચસ્વ યથાવત્ત રાખ્યું છે. ત્યારે ઝાલોદ નગરપાલિકામાં ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ભાજપાએ સ્પષ્ટ બહુમતિ હાંસલ કરતાં ભાજપના ઉમેદવારો તેમજ કાર્યકર્તાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. દેવગઢ બારીઆ નગરપાલિકામાં કુલ ૦૬ વોર્ડમાં ૨૪ બેઠકોમાંથી ભાજપે ૧૩ અને, કોંગ્રેસે ૦૩ અને અપક્ષે ૦૮ બેઠકો પર વિજયી મેળવ્યો છે. ત્યારે ઝાલોદ નગરપાલિકામાં ૦૭ વોર્ડમાં ૨૮ બેઠકો પર ભાજપે ૧૭ બેઠકો પર વિજયી મેળવ્યો હતો અને અપક્ષે ૧૧ બેઠકો પર વિજયી મેળવ્યો હતો. ત્યારે બીજી તરફ કોંગ્રેસે એકપણ બેઠક પર ખાતુન ખોલવાતાં આશ્ચર્ય સર્જાયું છે. બીજી તરફ દેવગઢ બારીઆ નગરમાં એકજ કોમના બે જુથ વચ્ચે સામસામે પથ્થર મારો થતાં આ પથ્થર મારામાં મહિલા સહિત ૦૪થી વધુ લોકોને ઈજાઓ પહોંચી છે. ઘટનાને પગલે પોલીસે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

દાહોદ જીલ્લામાં પેટા ચુંટણીના પરિણામો જાહેર થતાં કહી ખુશી કહી ગમનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે વાત કરીએ દેવગઢ બારીઆ નગરપાલિકાની ચુંટણીના પરિણામની તો દેવગઢ બારીઆ નગરપાલિકામાં કુલ ૦૬ વોર્ડની ૨૪ બેઠકો માંથી ભાજપે ૧૩, કોંગ્રેસે ૦૩ અને અપક્ષે ૦૮ બેઠકો પર પોતાનો કબજો જમાવ્યો છે. ખાસ કરીને ભાજપના ઉમેદવારો તેમજ તેમના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહનો માહૌલ જોવા મળી રહ્યો છે. જેમાં ભાજપના વિજેતા ઉમેદવારો સહિત અન્ય વિજેતા ઉમેદવારોએ દેવગઢ બારીઆ નગરમાં પોતાનો વાજતે વાજતે વિજય સરઘસ કાઢ્યાં હતાં. દેવગઢ બારીઆ નગરપાલિકાની ચુંટણીના પરિણામો જાહેર થતાં વોર્ડ નંબર ૦૨ અને નંબર ૦૩નું પરિણામ જાહેર થતાં જેમાં વોર્ડ નંબર ૦૨માં ૦૧ કોંગ્રેસ અને ૦૩ અપક્ષ અને જ્યારે વોર્ડ નંબર ૦૩માં ચાર અપક્ષ વિજેતા જાહેરા થયાં છે. ત્યારે બીજી તરફ પરિણામો દરમ્યાન એક કોમના બે જુથો વચ્ચે ચુંટણીના પરિણામોને લઈ સામસામે આવી જતાં પથ્થર મારો થતાં નાસભાગ મચી જવા પામી છે. નગરપાલિકા કાપડી વિસ્તારમાં આ બનાવ પામ્યો હતો. જેમાં ૦૪થી વધુ લોકોને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. જાણવા મળ્યાં અનુસાર, ઉપદ્રવી ટોળાને વિખેરવા માટે પોલીસ દ્વારા ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાપડી વિસ્તાર પોલીસ ઝાવણીમાં ફેરવાયું છે. હાલ પોલીસે પરિસ્થિતી પર કાબુ મેળવી લીધો છે. ત્યારે દેવગઢ બારીઆ નગરમાં વિજેતા ઉમેદવારો તેમજ તેમના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિજેતા ઉમેદવારો દ્વારા પોત પોતાના મત વિસ્તારો તેમજ દેવગઢ બારીઆ નગરમાં વાજતે ગાજતે વિજય સરઘસ પણ કાઢ્યો હતો. ત્યારે વાત કરીએ ઝાલોદ નગરપાલિકાની તો વહેલી સવારથીજ મતગણતરી મથકોએ પરિણામ જાહેર કરવાની પ્રક્રિયા ચુંટણી અધિકારીઓ અને ચુંટણી કર્મચારીઓ દ્વારા હાથ ધરી દેવામાં આવી હતી. ઝાલોદ નગરપાલિકામાં ૦૭ વોર્ડમાં કુલ ૨૮ બેઠકો પર શરૂઆતથીજ ભાજપ આગળ રહેતું આવ્યું હતું અને મતદણતરીના અંતે ભાજપે ૨૮ બેઠકોમાંથી ૧૭ બેઠકો પોતાના કબજે કરી લીધી હતી. ઝાલોદ નગરપાલિકામાં સૌ પ્રથમ વખત ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવતાં ભાજપના ઉમેદવારો તેમજ તેમના કાર્યકર્તાઓમાં આનંદ છવાઈ ગયો હતો, તો બીજી તરફ અપક્ષે ૧૧ બેઠકો મેળવી હતી તો કોંગ્રેસ માટે શુન્ય પરિણામ જાહેર થયું છે. ભાજપના સૌ વિજય ઉમેદવારોએ પોત પોતાના વિસ્તારો તેમજ ઝાલોદ નગરપાલિકા વાજતે ગાજતે વિજય સરઘસો કાઢ્યાં હતાં.

## દે.બારીયા પાલિકા મતગણતરી બાદ બે જુથ વચ્ચે પથ્થર મારો થતાં ૪ થી વધુ લોકોને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ અને ઝાલોદ નગરપાલિકાની પેટા ચુંટણીનું આજરોજ પરિણામ જાહેર થતાં દેવગઢ બારીઆ નગરમાં એકજ કોમના બે જુથ વચ્ચે સામસામે પથ્થર મારો થતાં આ પથ્થર મારામાં મહિલા સહિત ૦૪થી વધુ લોકોને ઈજાઓ પહોંચી છે. ઘટનાને પગલે પોલીસે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.



દેવગઢ બારીઆ નગરપાલિકાની ચુંટણીના પરિણામો જાહેર થતાં વોર્ડ નંબર ૦૨ અને નંબર ૦૩નું પરિણામ જાહેર થતાં જેમાં વોર્ડ નંબર ૦૨માં ૦૧ કોંગ્રેસ અને ૦૩ અપક્ષ અને જ્યારે વોર્ડ નંબર ૦૩માં ચાર અપક્ષ વિજેતા જાહેરા થયાં છે. ત્યારે બીજી તરફ પરિણામો દરમ્યાન એક કોમના બે જુથો વચ્ચે ચુંટણીના પરિણામોને લઈ સામસામે આવી જતાં પથ્થર મારો થતાં નાસભાગ મચી જવા પામી છે. નગરપાલિકા કાપડી વિસ્તારમાં આ બનાવ પામ્યો હતો. જેમાં ૦૪થી વધુ લોકોને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. ઘટનાને પગલે પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. જાણવા મળ્યાં અનુસાર, ઉપદ્રવી ટોળાને વિખેરવા માટે પોલીસ દ્વારા ટીયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાપડી વિસ્તાર પોલીસ ઝાવણીમાં ફેરવાયું છે. હાલ પોલીસે પરિસ્થિતી પર કાબુ મેળવી લીધો છે. ત્યારે દેવગઢ બારીઆ નગરમાં વિજેતા ઉમેદવારો તેમજ તેમના કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિજેતા ઉમેદવારો દ્વારા પોત પોતાના મત વિસ્તારો તેમજ દેવગઢ બારીઆ નગરમાં વાજતે ગાજતે વિજય સરઘસ પણ કાઢ્યો હતો.

## ગરબાડાના નઢેલાવ ગામે દિપડાએ વૃધ્ધ મહિલા ઉપર હુમલો કરતાં ગંભીર ઈજાઓ સારવાર માટે ખસેડાયા

ગરબાડા,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વન્ય પ્રાણી દિપડાનો આતંક વધવા માંડ્યો છે. ત્યારે એક વૃદ્ધ મહીલા પર દીપડાએ હુમલો કરતા ગંભીર ઈજાગ્રસ્ત ગંભીર ઈજાગર્સત મહિલાને હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.



દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના ટુંકીવજુ અને નળવાઈ ગામે ગતરોજ દિપડાએ ત્રણ પશુઓનું મારણ કરતાં ગ્રામજનોમાં ભયનો માહૌલ જોવા મળી રહ્યો છે. ત્યારે આજરોજ ગરબાડાના નઢેલાવ ગામના બહારના કુવા ફળીયાંમાં રહેતાં રતુબેન તેરાભાઈ ભાભોર જે બપોરના ૧૨ ખેતર નજીક આવેલ કુવામાં પાણી ભરવા ગયા હતા. ત્યારે જંગલ વિસ્તાર છોડી રહેણાકં વિસ્તારમાં આવી ગયેલ દીપડાએ રતુંબેન તેરાભાઈ ભાભોર પર અચાનક હુમલો કરતા તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. દીપડાના હુમલાથી રતુંબેનએ બુમાબુમ કરતા ગ્રામજનો તેમજ પરિવારજનો સ્થળ પર દોડી આવી દીપડાને સ્થળ પરથી ભગાવી ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. હાલ મહિલાની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે ગરબાડા તાલુકાના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અવાર નવાર થતા હુમલાથી ગ્રામજનોમાં ભય ઊભો થયો છે. માટે આ દિપડાના હુમલાને પગલે કોઈનો જીવ જોખમમાં મુકાય તે પહેલા સ્થાનીક વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા ગરબાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાને પાંજરે પુરવા માટે પાંજરાઓ મુકવામાં આવે તેવી લાગણી અને માંગણી ગ્રામજનોમાં ઉઠવા પામી છે.

## જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ ખાતે ત્રણ દિવસીય એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ યોજાશે

દાહોદ,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત દાહોદ જીલ્લાના પ્રાથમિક, માદ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ નવતર પ્રયોગ કરનાર શિક્ષકઓને પ્રોત્સાહન મળી રહે અને શાળામાં નવતર પ્રયોગ કરવા માટે પ્રેરણા મળે તેવા શુભાશયથી તારીખ ૧૯-૦૨-૨૦૨૫ થી ૨૧-૦૨-૨૦૨૫ દરમિયાન દાહોદ જીલ્લાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું છે.આ એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલમાં નવતર પ્રયોગ કરનાર શિક્ષકઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે કાર્યક્રમનો શુભારંભ કાર્યક્રમ તારીખ : ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ ખાતે યોજવામાં આવશે.



## અન્નપ્રાશન અને બાળ દિવસની ઉજવણી કરવામાં આવી

દાહોદ

જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ આજરોજ ધાંચીવાડ આંગણવાડી કેન્દ્ર ઉપર અન્નપ્રાશન અને બાળદિવસની ઉજવણી કરવામાં આવી હતી. બાળ ઘડતર સાથે આંગણવાડીમાં સગર્ભાબહેનો ધાત્રીમાતાઓ સાથે સુપોષણ સંવાદ, બાળ તુલા બાળકો અને કિશોરીઓના પોષણસ્તર અંગે માતા પિતા સાથે પરામર્શ, અન્નપ્રાશન તેમજ અન્ન્ વિતરણ અને પૂર્ણા દિવસની ઉજવણી મંગળવારે કરવામાં આવે છે અને સાથોસાથ દર મહિનાના નિયત કરેલ દિવસે આરોગ્ય કાર્યકરના સંકલનમાં રહી મમતા દિવસની પણ ઉજવણી કરવામાં આવે છે. જેમાં બાળકોને આપવાની રસીઓ તેમજ સગર્ભાવસ્થા દરમિયાન આપવાની જરૂરી રસીઓ આપવામાં આવે છે અને વજન તેમજ ઉંચાઈ દ્વારા થયેલા વિકાસનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ૬ માસ પૂર્ણ થયેલા બાળકોને ઉપરી આહારની શરૂઆત કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આંગણવાડીના લાભાર્થી માતાઓની હાજરીમાં આંગણવાડી કેન્દ્ર પર અન્નપ્રાશન કરાવ્યું હતું.આંગણવાડી કાર્યકર બહેન દ્વારા નાના ભૂલકાઓને ડીગ ડીગ ચાલે સસલા અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું અને આંગણવાડી ખાતે આવતી નાની દીકરીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આંગણવાડી બહેન હિરલભટ્ટ તેડાઘર બહેન સહિત માતાઓ કિશોરીઓ હાજર રહ્યા હતા.



બીઆરસી ભવન લીમખેડા દ્વારા લીમખેડા તાલુકાની જીવન જ્યોતિ માધ્યમિક શાળા રઈ અને વિદ્યા વિહાર માધ્યમિક શાળા બાર ખાતે જીલ્લા રોજગાર કચેરીના હિરલબેન સેલોત તથા બીઆરસી ભવન ના બ્લોક ARVE કમલેશભાઈ દ્વારા ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને કેરિયર કાઉન્સિલિંગ અને ગાઈડલાઈન અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું.

### મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

**જન્મ મરણ અરજી નં.૫૬૬/૨૦૨૪ તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-પરમાર કિરણકુમાર બાબરભાઈ, રહે.ચંદ્રનગર, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂધ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ચંદ્રનગર ચંદ્રનગર, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્ર નામે પરમાર દિસાનકુમાર કિરણકુમાર નો જન્મ તાઃ૨૯/૦૮/૨૦૧૮ ના રોજ રહે. ચંદ્રનગર, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પુત્ર ના જન્મની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઘોઘંબા

### મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

**જન્મ મરણ અરજી નં.૫૬૧/૨૦૨૪ તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદાર-બારીઆ અર્જુનભાઈ બળવંતભાઈ, રહે. નુરાપુરા, તા. ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂધ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, નુરાપુરા નુરાપુરા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્ર નામે બારીઆ મિતેશભાઈ અર્જુનભાઈ નો જન્મ તાઃ૦૬/૧૨/૨૦૧૩ ના રોજ રહે. નુરાપુરા,તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્ર ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઘોઘંબા

### મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

**જન્મ મરણ અરજી નં.૫૬૦/૨૦૨૪ તા.૧૮/૦૨/૨૦૨૫**

બારીઆ અર્જુનભાઈ બળવંતભાઈ, રહે. નુરાપુરા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂધ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, નુરાપુરા નુરાપુરા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા,

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્રી નામે બારીઆ રૂચિતાબેન અર્જુનભાઈ નો જન્મ તાઃ૨૫/૦૩/૨૦૦૯ ના રોજ રહે. નુરાપુરા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઘોઘંબા

### મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

**જન્મ મરણ અરજી નં.૫૬૭/૨૦૨૪ તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-વણઝારા ગંગાબેન અમરસિંહ,રહે.વાંગરવા,તા. ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂધ્ધ

જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, વાંગરવા, વાંગરવા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્ર નામે વણઝારા શૈલેષભાઈ અમરસિંહ નો જન્મ તાઃ૦૧/૦૧/૧૯૯૫ ના રોજ રહે. વાંગરવા, તા. ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પુત્ર નો જન્મ ની નોંધ સામાવાળાના જન્મ / મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઘોઘંબા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.152

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાની કાલોલ અને હાલોલ નગર પાલિકામાં ભગવો લહેરાયો.

**કાલોલ નગર પાલિકા નું પરિણામ જાહેર ૧૮ બેઠક પરથી ભાજપે વિજય મેળવ્યો અપક્ષ ને ૧૦ બેઠકો મળી.**





કાલોલ,

પંચમહાલ જીલ્લાની કાલોલ અને હાલોલ નગર પાલિકાની ચુંટણીની મત ગણતરી ૧૮ ફેબ્રુઆરીના રોજ યોજાવામાં આવી હતી. મતગણતરીમાં હાલોલ પાલિકાની ૩૬ બેઠકો ઉપર ભાજપનો વિજય થયો જ્યારે બે બેઠકો અપક્ષના ફાળે આવી હતી.

હાલોલ નગર પાલિકાની ચુંટણી યોજાયેલ હતી અને આજરોજ વી.એમ.કોલેજ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. હલોલ પાલિકાના કુલ ૯ વોર્ડની ૩૬ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો વિજેતા બન્યા હતા. જ્યારે બે બેઠકો અપક્ષના ફાળે ગઈ હતી. આમ, હાલોલ પાલિકા ઉપર ભાજપએ પોતાની સત્તા ફરી મેળવી છે.

એમ.એમ.ગાંધી કોલેજ ખાતે કાલોલ નગરપાલિકાની ચૂંટણીની મત ગણતરી યોજાઈ હતી. જેમા દરેક વોર્ડમાં ધારાસભ્ય અને સાંસદ સભ્ય તથા સંગઠનના નેતાઓની મહેનત બાદ ભાજપ તરફી પરિણામો આવ્યા. પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ તેમજ કાલોલના ધારાસભ્ય ફતેસિંહની મેહનત રંગ લાવી.કાલોલ નગર પાલિકા સામાન્ય ચૂંટણી -૨૦૨૫ અનુસંધાને ગત રવિવારના રોજ થયેલ મતદાન પછી આજે જાહેર થયેલા પરિણામોમાં રાજકીય બી વિશ્લેષકોના અંકગણિતો ખોટા પાડવા સાથે ભારતીય જનતા પાર્ટીએ બહુમતીના આંક ૧૫ ને પાર કરી ૧૮ બેઠકો પર જીત હાંસલ કરી છે. જોકે, પ્રારંભિક કેટલાક વોર્ડમાં ત્રણ મહિલાઓ વિજેતા થઇ શકે છે, તેવી અનુસંધાનની આગાહીઓ સાચી પડી હતી. જેમાં વોર્ડ નં. ૧ અને ૨ માં ત્રણ મહિલાઓ વિજેતા થઈ છે. પાછલી બે ટર્મમાં ટેકાથી સત્તાના સૂત્રો સંભાળ્યા પછીની આ ચૂંટણી ભાજપા માટે પ્રતિષ્ઠાનો જંગ બની હતી. ચૂંટણી પ્રચાર દરમ્યાન ભાજપાએ માઇક્રો પ્લાનિંગ સાથે રાજયના મંત્રી સમેત આલા નેતાગીરીને પ્રચાર મેદાનમાં ઉતર્યા હતા. જેથી ભાજપના નેતાઓની મેહનત રંગ લાવી હતી. જેના કારણે ભાજપને એક સારૂ પરિણામ મળ્યું છે, જેથી ભાજપ નેતા તેમજ કાર્યકરોમાં અનોખી ખુશી જોવા મળી હતી અને આખા કાલોલમાં ભાજપના નેતા સહિત અને કાર્યકરોએ ખુશી જશન મનાવ્યો હતો.

**હલોલ પાલિકાના કુલ ૯ વોર્ડની ૩૬ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો વિજેતા જ્યારે બે બેઠકો અપક્ષના ફાળે ગઈ**

## કાલોલ પાલિકા ચુંટણીમાં વિજેતા ઉમેદવારોની યાદી.

**વોર્ડ નં.૧**
અંજનાબેન રોહિત કુમાર પારેખ ભાજપ ૧૦૯૪
સેફાલી અંકુરભાઈ ઉપાદયાય ભાજપ ૧૪૧૨
હરિકૃષ્ણકુમાર કંચનભાઈ પટેલ ભાજપ ૧૧૫૯
રાત્રીબેન કિરીટકુમાર પટેલ અપક્ષ ૯૯૮

**વોર્ડ નંબર ૨**
પારૂલ બેન સંજયભાઈ પંચાલ ભાજપ ૬૫૩
જ્યોત્સનાબેન રાજુભાઈ બેલદાર ભાજપ ૧૦૩૬
આશિષકુમાર સુંદરલાલ સુથાર ભાજપ ૯૩૦
મોનલબેન આશિષકુમાર જોશી અપક્ષ ૮૫૯

**વોર્ડ નંબર ૩**
રાધાબેન મહેશકુમાર રાણા ભાજપ બિનહરીફ
ધર્મિષ્ઠાબેન પ્રજ્ઞેશકુમાર પટેલ ભાજપ ૮૮૨
ગૌરાંગ કુમાર છબીલદાસ દરજી ભાજપ બિનહરીફ
પ્રતીક અશોકકુમાર ઉપાદયાય ભાજપ ૧૦૩૦

**વોર્ડ નંબર ૪**
મીનાબેન કરસનભાઈ સુથારીયા અપક્ષ ૧૨૬૦
સાયરાબીબી અબ્દુલસલામ કનોડીયા અપક્ષ ૧૨૪૮
હર્ષદ પુરી અર્જુનપુરી ગોસાઈ અપક્ષ ૧૩૦૯
અબ્દુલ સલામ ઈસુબ કોશિયા અપક્ષ ૧૨૨૦

**વોર્ડ નંબર ૫**
નફીસા બાનુ મહંમદ હનીફ મન્સૂરી અપક્ષ બિનહરીફ
સમીમાંવાનુ મોહમ્મદ રફીક શેખ ભાજપ બિન હરીફ
હસમુખભાઈ બાબુલા બાબુભાઈ મકવાણા ભાજપ ૧૧૪૮
કમલેશ કુમાર વાડીલાલ પંચાલ ભાજપ ૧૪૨૨

**વોર્ડ નંબર ૬**
રૂકસાદબાનું અમીરૂદીન શેખ અપક્ષ ૧૫૯૮
મહેબુદા બીબી ગુલામ રસુલ પઠાણ અપક્ષ ૧૪૭૧
મહંમદહનીફ અબ્દુલગની મનસુરી અપક્ષ ૧૩૭૭
રજાકભાઈ મસ્તુરભાઈ બેલીમ અપક્ષ ૧૪૧૭

**વોર્ડ નંબર ૭**
મંજુલાબેન સમીરભાઈ ભાભોર ભાજપ બિનહરીફ
કેયાબેન તુષાર કુમાર શાહ ભાજપ બિનહરીફ
અર્જુનસિંહ છત્રા ભાઈ રાઠોડ ભાજપ બિનહરીફ
યુવરાજસિંહ મહેન્દ્રસિંહ રાઠોડ ભાજપ ૧૦૨૦

## હાલોલ પાલિકા ચુંટણીમાં વિજેતા ઉમેદવારોની યાદી.

**વોર્ડ નંબર ૧**
શીતલબેન અલ્પેશકુમાર દરજી ભાજપ બિનહરીફ
રૂપલબેન હિરેનકુમાર ભટ્ટ ભાજપ ૧૦૮૩
દેવકરણ જીવાભાઈ ગઢવી ભાજપ બિન હરીફ
નીતિનભાઈ જશુભાઈ શાહ ભાજપ ૧૪ ૧૨

**વોર્ડ નંબર ૨**
અલકાબેન પ્રવીણભાઈ પંચાલ ભાજપ બિનહરીફ
જીજ્ઞાબેન શીતલભાઈ પટેલ ભાજપ બિનહરીફ
તપનકુમાર હસમુખભાઈ ઠક્કર ભાજપ બિનહરીફ
વિમલભાઈ હિંમતભાઈ મારવાડી ભાજપ બિનહરીફ

**વોર્ડ નંબર ૩**
સમા સોહીલ સૈયદ અપક્ષ બિનહરીફ
સલીમભાઈ મોહમ્મદભાઈ પાનવાલા ભાજપ બિનહરીફ
મક સુદા ફારૂકભાઈ બાગ વાલા અપક્ષ બિનહરીફ
જીતેન્દ્રકુમાર પરસોત્તમભાઈ રાઠોડ બિનહરીફ

**વોર્ડ નંબર ૪**
શિલ્પાબેન ખુમાનસિંહ ચૌહાણ ભાજપ બિનહરીફ
રમીલાબેન અર્જુનભાઈ રાઠવા ભાજપ ૧૭૬૧
ગોરધનભાઈ ભીખાભાઈ રાઠવા ભાજપ ૨૨ ૦૫
અરવિંદસિંહ ભારતસિંહ પરમાર ભાજપ ૨૨ ૫૨

**વોર્ડ નંબર ૫**
કોકીલાબેન પ્રવીણકુમાર સોલંકી ભાજપ બિનહરીફ
આરેફાબાનુ બસીરમોહમ્મદ મકરાણી ભાજપ બિનહરીફ
અઝીઝુરરહેમાન મજીદલ ભાઈ દાઢી ભાજપ બિનહરીફ
અહેસાન ભાઈ ગુલામ હુસેન વાઘેલા ભાજપ બિનહરીફ

**વોર્ડ નંબર ૬**
તૃપ્તિ નવીનચંદ્ર જાદવ ભાજપ બિનહરીફ
તેજલબેન કિંજલ કુમાર શાહ ભાજપ બિનહરીફ
સંદીપ ડાયાભાઈ પારેખ ભાજપ ૧૬૨૨
ગોપાલભાઈ કાંતિભાઈ પટેલ ભાજપ ૧૯૯૦

**વોર્ડ નંબર ૭**
જશુબેન ગોવિંદભાઈ સિંઘવ ભાજપ બિનહરીફ
નિશાબેન અરૂણકુમાર દેસાઈ ભાજપ બિનહરીફ
પ્રમોદ સિંહ દિલીપ સિંહ રાઠોડ ભાજપ ૧૬ ૫૫
પ્રમોદકુમાર રામજીભાઈ પટેલ ભાજપ ૧૨ ૧૫

**વોર્ડ નંબર ૮**
સપનાબેન વિજયભાઈ રાઠવા ભાજપ ૧૨ ૨૧
દીપિકાબેન પરેશભાઈ પટેલ ભાજપ ૧૭૬૨
કલ્પેશ ગીરી હરિગિરી ગોસ્વામી ભાજપ બિનહરીફ

## ગોધરા પાલિકા વોર્ડ નં.૭ની પેટા ચુંટણીમાં અપક્ષ ઉમેદવાર ઈમરાન હાજીની ૧૪૩૩ મતથી જીત મેળવી



ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૭ની પેટા ચુંટણીની મતગણતરી તાલુકા સેવા સદન ખાતે યોજવામાં આવી હતી. અપક્ષ ઉમેદવાર ઈમરાન ઈસ્માઈલ જમાલ હાજીએ ૧૪૩૩ મત મેળવીને વિજેતા થયા હતા. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર શોએબ મોહમ્મદ ચરખાને ૭૯૭ મત મળ્યા હતા. તેમજ અપક્ષ ઉમેદવાર જીનલબેન સંજયકુમાર સોનીને માત્ર ૧૭૩ મળ્યા હતા. પાલિકા પેટા ચુંટણી મતદાનમાં ૭ મતદારોએ નોટામાં મત નાખ્યા હતા.પાલિકા પેટા ચુંટણીની મતગણતરી પુરી થતાં ચુંટણી અધિકારી ફાલ્ગુન પંચાલે વિજેતા ઉમેદવાર ઈમરાન હાજીને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ ચુંટણી પરિણામ કોંગ્રેસ માટે મોટો ઝટકો માનવમાં આવે છે. કોંગ્રેસ ઉમેદવારીની હાર નબળી રણનીતિ અને સ્થાનિક નેતાઓની ઉદાસીનતાને કારણે હાર થઈ છે. પાલિકા પેટા ચુંટણીમાં અપક્ષ ઉમેદવારની જીત સ્થાનિક રાજકારણ માટે પડકારરૂપ બની શકે છે.

## શહેરાના ઝોઝ ગામના વતની કે.ડી.પરમારનું સમતા ફાઉન્ડેશન દ્વારા સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું



ગોધરા,

ગોધરા ખાતે સમતા ફાઉન્ડેશન દ્વારા મધ્ય ગુજરાતના ૬૩૬ રોહિત સમાજના સામાજીક કાર્યકરોનું સન્માન કરવામાં આવેલું હતું. જેમાં શહેરા તાલુકાના ઝોઝ ગામના વતની કે.ડી.પરમારનું સમતા ફાઉન્ડેશન દ્વારા સાલ અને સન્માન પત્રક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કે.ડી. પરમાર દ્વારા સાત પરગણા રોહિત સમાજ સુધારક મંડળ (કોઠંબા ૭, વરધરી ૭, નવ, રાજવરા, છત્રીસ, હવેલી, બાવન)ની સ્થાપના કરીને સમાજમાં પ્રવર્તતા લગ્ન અને મરણમાં થતાં ખોટા ખર્ચા અટકાવવાની ઝુંબેશ ઉપાડી હતી. જેના કારણે ૬૩૬ સમાજ માં કુરિવાજ નાબૂદીની અસર જોવા મળેલ હતી, તેમજ આ ઉપરાંત તેઓ દ્વારા સમૂહ લગ્ન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ ઉદાર હાથે દાન કરતા તેઓના આ કાર્યોને ધ્યાને લઈને સમતા ફાઉન્ડેશનના પ્રમુખ દ્વારા તેઓ સન્માન પત્રક આપીને સન્માનવામાં આવ્યા હતા.

## ગોધરા સબ જેલમાં અમદાવાદ ઝડતી સ્કવોર્ડના ચેકીંગ દરમિયાન બે મોબાઈલ ફોન મળ્યા



ગોધરા,

ગોધરા સબ જેલમાં અમદાવાદ ઝડતી સ્કવોર્ડની તપાસ દરમિયાન બેરેક બહાર ખુલ્લી જગ્યામાં ફેંકી દીધેલ કેશેડા કંપનીના મોબાઈલ ફોન જયારે બેરેક નંબર-૩ બાજુમાં આવેલ સંડાસના પોખરામાં સંતાડી રાખેલ મોબાઈલ મળી તપાસ દરમિયાન બે મોબાઈલફ ફોન ઝડપાાઈ જતાં આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા સબ જેલમાં જેલર ગૃપ-૨ ઝડપી સ્કવોર્ડ જેલર પોલીસ મહાનિર્દેશક જેલ અમદાવાદ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેલમાં બેરેક નંબર-૨ની છેલ્લી બારીના ભાગે ખુલ્લી જગ્યામાં બેરેકમાં ફેંકી દિધેલ કેરેડા કંપનીનો મોબાઈલ નંગ-૧, જયારે બેરેક-૩ની બાજુમાં આવેલ સંડાસના પાંખરામાં પ્લાસ્ટીક થેલીમાં છુપાવી રાખેલ કેશેડા કંપનીનો મોબાઈલ મળી બે મોબાઈલ ઝડપી દરમિયાન મળી આવ્યા હતા. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા પ્રાંત અધિકારી કચેરીમાં જમીન બાબતે મુદ્દત ભરવા ગયેલ ફરિયાદીએ આરોપી વિશે અધિકારીને વાત કરી બહાર નિકળ્યા બાદ મારમારતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા પ્રાંત કચેરીમાં ફરિયાદી હાઈકોર્ટના હુકમ આધારે જમીન બાબતની મુદ્દત ભરવા ગયેલ હોય અને પ્રાંત અધિકારીને રજુઆત કરી હતી. આરોપી ક્રિમીનલ છે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં સને ૨૦૦૩-૨૦૨૪માં ચોરીનો ગુનો નોંધાયેલ છે. તે પણ મુદ્દત પુરી થતાં બહાર નિકળેલ હતા. ત્યારે આરોપી મારા માટે સાહેબ સમયે આવું કેમ બોલ્યો તેમ કહી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરાના ગોન્દ્રા લીલેસરા તલાવડી સામે રહેતા સિદ્દીક હુસેન જુજારા હાઈકોર્ટના હુકમથી ગોધરા પ્રાંત અધિકારીની કચેરીમાં જમીન બાબતની મુદ્દત ભરવા આવ્યા હતા. ફરિયાદીએ પ્રાંત અધિકારીને રજુઆત કરી હતી કે, આરોપી મહેબુબ અબ્દુલ મજીદ જુજારા મોલવી ક્રિમીનલ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં ચોરીનો ગુનો નોંધાયેલ છે તે પછી મુદ્દત પુરી થત આરોપી મહેબુબ અબ્દુલ મજીદ જુજારા મોલવી એ તું મારા વિશે પ્રાંત અધિકારીને આવું કેમ બોલ્યો તેમ કહી ગાળાગાળી કરી હતી. પંચ જેવું ધાતુ મારી દીધેલ હતું. જયારે આરોપીી ઈમરાન હનીફ જુજારા તથા ઈમરાન સુલેમાન મીઠાએ હાથમાં રાખેલ પાળીયું ઉંધુ ખભાના ભાગે મારેલ હતી. તેમજ ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કુંભમેળા માંથી પરત ફરતા કાલોલના યાત્રીકોની બસને મધ્ય પ્રદેશ નજીક અકસ્માત નડ્યો ૬ ઈજાગ્રસ્ત



કાલોલ,

કાલોલ તાલુકાના યાત્રીકો કુંભ મેળામાં સ્નાન કરી અયોધ્યાની યાત્રા કરી કાલોલ તરફ પરત ફરતા મધ્ય પ્રદેશના શામગઢ નજીક બસના ચાલકને ઝોંકુ આવી જતા બસના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા બસમાં સવાર યાત્રીઓનો અકસ્માત સર્જાયો હતો અને બસ પલટી ખાતા તેમાં સવાર ૬ જેટલા યાત્રિકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જેથી સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

## શહેરાના સીંધી ચોકડી પાસે ઉભરાતી ગટરોથી રહિશો અને વાહન ચાલકો પરેશાન



શહેરા,

શહેરામાં સ્વચ્છતા બાબતે પાલિકા તંત્રની ઘોર બેદરકારી જોવા મળી રહી હતી. સિંધી ચોકડીથી બજાર તરફ જવાના રસ્તા ઉપર પાછલા કેટલાક દિવસો ગટર ઉભરાઈ રહી હોવા છતાં પાલિકા દ્વારા નિયમિત ગટરની સાફ-સફાઈ કરવામાં આવી રહી ન હોવાથી સ્થાનિક નગરજનો નો છૂપો આક્રોશ જોવા મળી રહ્યો હતો.

શહેરા નગરપાલિકા વિસ્તારમાં રહેતા નગરજનોને ''મારૂ શહેરા સ્વચ્છ શહેરા '' આવા શબ્દો સાંભળવા મળતા હોય છે. પરંતુ જયારે પાલિકા જ આ બાબતે ગંભીરતા ન લેતા હોય એવા દ્રશ્યો સિંધી ચોકડી વિસ્તારમાં જોવા મળી રહ્યા હતા. સ્વચ્છતા બાબતે ઘોર બેદરકારી જોવા મળતા દ્રશ્યો નગરના સિંધી ચોકડી વિસ્તારના અવર જવરના મુખ્ય માર્ગના છે. અહીં પાછલા કેટલાક દિવસોથી અવર જવરના રસ્તા પર ગટરના ગંદા પાણી રેલાઈ રહયા હતા અને આજ રીતે રાહદારીઓ આ ઉભરાતી ગટરના દુર્ગંધ મારતા પાણી માંથી નીકળતા નજરે પડી રહયા હતા. છાશવારે ગટર ઉભરાતી હોવા બાબતે નગર પાલિકાને જાણ હોવા છતાં ગટરની સાફ-સફાઈ કરવામાં ન આવતા અહીંથી જ ખબર પડી જાય છેકે સ્વચ્છતા બાબતે નગર પાલિકા કેટલી ગંભીરતા લઈ રહી છે. મહત્વનું છે કે, આ વિસ્તારમાં પાલિકા દ્વારા મસમોટી રકમ ખર્ચીને બે વખત ગટર બનાવવામાં આવી હોવા છતાં અહીં આવા દ્રશ્યો જોવા મળતા હોય ત્યારે એમ કહી શકાય કે પાલિકામાં આવતી સરકારની વિવિધ ગ્રાન્ટનો ઉપયોગ નિયમ મુજબ કેટલો થયો હશે ? સ્વચ્છ નગર રહે તે માટે જનજાગૃતિ સંદેશો પણ પાલિકા દ્વારા આપવામાં આવવા સાથે મસ મોટો ખર્ચો પણ દેખાડતા હોય ત્યારે નગરના અમુક વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતા હોય ત્યારે ''મારૂ શહેરા સ્વચ્છ શહેરા '' આ સૂત્રો દિવાલ પર જ સારા લાગતા હોય એમ કહીએ તો નવાઈ નહીં.

**મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

**જન્મ મરણ અરજી નં.૫૬૨/૨૦૨૪ તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-બારીઆ લાલાભાઈ ભોપતભાઈ, રહે. નુરાપુરા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, નુરાપુરાનુરાપુરા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-ઃઃ હુકમ ઃઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ઘરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્રી નામે બારીઆ કાજલબેન લાલાભાઈ નો જન્મ તાઃ૨૨/૦૫/૨૦૧૪ ના રોજ રહે. નુરાપુરા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઘોઘંબા

**મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

**જન્મ મરણ અરજી નં.૫૫૬/૨૦૨૪ તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-નાયક જનીયાભાઈ રાભઈભાઈ, રહે. પાધોરા, તા. ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, પાધોરા પાધોરા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-ઃઃ હુકમ ઃઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ઘરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પિતા નામે નાયક રાભઈભાઈ લીંબુભાઈ નુ મરણ તાઃ૧૯/૦૨/૨૦૧૪ ના રોજ રહે. પાધોરા,તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પિતા ના મરણ ની નોંધ સામાવાળાના જન્મ/મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઘોઘંબા

**મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

**જન્મ મરણ અરજી નં.૫૬૩/૨૦૨૪ તા.૧૮/૦૨/૨૦૨૫**

અરજદારઃ-બારીઆ બાબુભાઈ મગનભાઈ, રહે.નુરાપુરા, તા. ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, નુરાપુરા, નુરાપુરા, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-ઃઃ હુકમ ઃઃ-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ઘરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્રી નામે બારીઆ કિંજલબેન બાબુભાઈ નો જન્મ તાઃ૦૮/૦૮/૨૦૧૦ ના રોજ રહે. નુરાપુરા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમના પુત્રી ના જન્મ ની નોંધ સામાવાળાના જન્મ / મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તાઃ૧૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર ઘોઘંબા